વિવિધ પ્રકારની પાઇપ લાઇન નાંખવા નહેરો, નોટીફાઇડ નદીઓ, નાળાં, ડ્રેઇન્સ વિગેરેના ક્રોસીંગ માટેની મંજૂરીની શરતો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃસીએમઇ/૨૦૦૩/૪૮૮/૧૦/પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧-૧૦-૨૦૦૪

પરિપત્ર

રાજયમાં વિવિધ કંપનીઓ, એકમો, સંસ્થાઓ, રાજય અને કેન્દ્ર સરકારના જાહેર સાહસો વિગેરે તરફથી કુદરતી ગેસ પરિવહન, એફલ્યુઅન્ટ પરિવહન તેમજ પાણી વહન કરતી પાઇપ લાઇનો નાંખવા માટે આવી પાઇપ લાઇનની પથરેખામાં આવતી નોટીફાઇડ નદીઓ, નહેરો, નાળાં, ડ્રેઇન્સ વિગેરેને ક્રોસ કરવા માટે જરૂરી મંજૂરી આપવાની દરખાસ્તો મળે છે, જે અંગે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીઓ તરફથી આવી દરખાસ્તની ચકાસણી કરી તેમના તરફથી મળતી ભલામણો/અભિપ્રાય મુજબ માંગણી થયા મુજબ આવા ક્રોસીંગ માટે સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.

અનુભવે એવું જણાયુ છે કે આ પ્રકારના ક્રોસીંગ માટેની દરખાસ્તો સરકારશ્રીમાં રજુ કરતી વખતે સંબધિત ક્ષેત્રિય અધિકારીશ્રીઓ (અ.ઇ.શ્રીઓ/કા.ઇ.શ્રીઓ) તરફથી પુરતી ચકાસણી કરવામાં આવતી નથી તેમજ આવી પરવાનગી આપવા નક્કી કરાતી શરતોમાં એક સુત્રતા જળવાતી નથી. વધુમાં આવા કિસ્સાઓમાં ખાસ કરીને નાણાંકીય શરતો જેવી કે ક્રોસીંગ દીઠ લેવાની થતી ડીપોઝીટ, સીક્યોરીટી ડીપોઝીટ, વાર્ષિક ભાડું તથા મરામત-જાળવણી પેટે લેવાની થતી રકમ વિગેરેનું યથાયોગ્ય પાલન થવું અતિ આવશ્યક છે. મરામત અને જાળવણીનો ખર્ચ વધતો જાય છે. કેનાલ/રીવર ક્રોસીંગમાં સમય જતાં બીચ પડે છે અને તેની મરામત અને જાળવણીના ઘણાં પ્રશ્નો ઉભા થાય છે. આ સંજોગોમાં આવા કિસ્સાઓમાં મરામત-જાળવણી માટે પ્રતિ મીટર વાર્ષિક રૂ. ૫૧.૦૦ લેવાનો અને આ રકમ અલગ હેડ ઉપર રાખી મરામત-જાળવણી માટે વાપરવાનો નિર્ણય લેવાયો છે.

ઉકત તમામ બાબતો ધ્યાનમાં રાખી આ પ્રકારની ક્રોસીંગની મંજૂરીના તમામ કિસ્સાઓમાં એકસુત્રતા જળવાય તથા ઉપર જણાવ્યા મુજબ મરામત-જાળવણી માટે લેવાની થતી રકમની નિતીનો અમલ શરૂ કરી હવે આ અંગેની પરવાનગીની દરખાસ્તો અંગે અહેવાલ/ભલામણ મોકલતી વખતે નીચેની શરતો તથા આ સાથે સામેલ એનેક્ષર મુજબની શરતો આમેજ કરી સ્વયંસ્પષ્ટ દરખાસ્ત સરકારશ્રીમાં સૈધ્ધાંતિક મંજૂરી અર્થે રજૂ કરવા સિંચાઇ વ્યવસ્થા સાથે સંકળાયેલ તમામ અધીક્ષક ઇજનેરશ્રીઓને જણાવવામાં આવે છે.

(૧) કેનાલ/રીવર/ડ્રેઇન્સ ક્રોસીંગ માટેની મંજૂરી માટેની જે તે સંસ્થા/એકમ/યુનિટ તરફથી અધીક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીને સીધી રજૂઆત મળે ત્યારે તેમજ સરકારશ્રીને મળતી રજૂઆતો અંગે અહેવાલ માંગવામાં આવે ત્યારે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીએ માંગણીવાળા રૂટમાં આવતી તમામ નોટીફાઇડ નદીઓ, કેનાલ, સબ કેનાલ, માઇનોર, સબ

માઇનોર, ડ્રેઇન્સ વિગેરેની સ્થળ ચકાસણી કરી આ તમામને અલગ અલગ ક્રોસિંગ ગણી કુલ ક્રોસિંગની સંખ્યા નક્કી કરી તેટલા ક્રોસિંગની મંજૂરી માટે દરખાસ્ત કરવી.

(૨) ક્રોસીંગની મંજૂરીની માંગણી રજૂ કરનાર સંસ્થા/એકમ તરફથી સૂચિત પાઇપ લાઇનના રૂટ પર આવતાં તમામ ક્રોસીંગ્સની મંજૂરી માટે એકજ દરખાસ્તમાં એકજ સાથે મંજૂરી માંગવામાં આવતી નથી. આ રૂટ પરના કેટલાક ક્રોસીંગની મંજૂરી મળ્યા બાદ તે જ રૂટ પર આવતા તે જ સંસ્થા/એકમની પાઇપ લાઇનના બાકી રહી ગયેલા ક્રોસીંગની પાછળથી મંજૂરી માંગવામાં આવે છે જેના લીધે કામગીરી બેવડાય છે. તેથી આવી મંજૂરી માટે માંગણી થતાં જે તે સંસ્થા/એકમ પાસેથી તેમની સૂચિત પાઇપ લાઇનના રૂટ પર આવતા કોઇ ક્રોસીંગ બાકી રહેતા નથી તેવી ખાતરી મેળવી લેવી તથા સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રીએ પણ રૂટ સર્વે કરી તમામ ક્રોસીંગ આમેજ કર્યા બાદ જ દરખાસ્ત રજૂ કરવી.

(3) સરકારશ્રી તરફથી સૈધ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ, સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીએ ક્રોસીંગ દીઠ વિગતવાર મંજૂરી તેમના સ્તરેથી તુરત જ આપવી તથા પરવાનેદાર સંસ્થા સાથે તાત્કાલિક કરારનામુ કરી લેવું. કરારનામુ અત્રેથી મંજૂર કરવાનું રહેતુ નથી. કરારનામાની પ્રક્રિયા ગુ.પ.વ.ડી. મેન્યુઅલની તથા કોમ્પે. ઓફ પાવર્સની કલમો મુજબ સંબંધિત અ.ઇ.શ્રી/ કા.ઇ.શ્રીએ તેમના સ્તરેથી કરવાની રહેશે.

(૪) મંજૂરી મળ્યા બાદ પરવાનેદાર સંસ્થા/એકમ પાસેથી લેવાના થતા તમામ સરકારી લેણાં વસુલ લીધા પહેલાં તથા કરારનામુ કર્યા પહેલા કોઇપણ સંજોગોમાં ક્રોસિંગની કામગીરી શરૂ કરવા દેવી નહીં તેમ થશે તો તે અંગેની જવાબદારી સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીની રહેશે.

(૫) વિભાગ દ્વારા બાંધકામ કરાયેલ સ્ટ્રકચર્સનો ઉપયોગ કરી પાઇપ લાઇન નાંખવાની હોય તેવા કિસ્સાઓમાં આવા સ્ટ્રકચર્સના પ્રકાર અને તેની અગત્યતા અલગ અલગ હોવાથી આવા કિસ્સાઓમાં કેસના ગુણદોષ ધ્યાને લઇ સ્ટ્રકચર્સની અગત્યતા અને ઉપયોગિતા તથા સ્થળ સ્થિતિ તેમજ મૂળ આલેખનની ચકાસણી કરી અલગ મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે. એટલે કે આવા કિસ્સાઓનો સમાવેશ ઉપર જણાવેલ સામાન્ય ક્રોસિંગમાં થશે નહીં.

(૬) આ પરિપત્ર સાથે જોડેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.બી.વણકર)
સેકશન અધિકારી
ન,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ

બિડાણઃ- શરતો.

પ્રતિ,
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના
તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત /નર્મદા તથા પાણી પુરવઠા સિવાય.)

## Annexure-I

**The conditions to be fulfilled by the company for crossing the river/nalas/canals for laying gas/Oil/effluent/water pipe line.**

(1) The licensee shall have to enter in to an agreement with Government.

(2) The licensee shall be laid at a depth of two and half meter below the lowest bed level of river or canal or nalas. However, for major water courses, more minimum cover shall be kept from the lowest bed level in order to avoid exposure by scour.

(3) The licensee shall have to cross the river/nalas/canals by providing casing pipe over gas/oil/effluent/water pipe line which shall be completely leak proof.

The above condition is modified as under.

(i) The casing pipe can be dropped and allow to lay pipeline by open cut method in case of rivers and natural drains depending upon the topography.

(ii) In case of minor canals and distributory canals passing fully in cutting, the pipeline can be allowed to lay by open cut method and without casing pipe.

(iii) In case of water courses, minor canal and distributory canals passing partly cutting and partly banking having capacity less than 100 cusecs, the pipeline can be allowed to lay by open cut method and without casing pipe.

(iv) In case of minor canals and distributory passing fully in banking having capacity less than 50 cusecs, the pipeline can be allowed to lay by open cut method and without casing pipe.

Above modified condition No. 3(i), 3(ii), 3(iii) & 3(iv) is allowed to the condition that, the licensee shall assume that the water way as well as all embankments/dykes shall be reinstated to their original state. The bank excavation shall be back filled with selected IP materials and thoroughly compacted to prevent bank erosion/leakage. The bank/side slopes of the river/nalas/canals/water courses crossing shall be protected as per the Schematic drawing attached herewith. The bank protection shall be invariably executed by the company.

For all the remaining crossings the original condition No.3 shall apply.

(4) The licensee shall have to pay Rs. 25,000/-(Rupees twenty five thousand only) for river/nalas/canals crossing as a secutity deposit towards laying of said pipe line and such other ancillary works. The work may not be started before the deposit received and agreement is executed. This deposit shall be refunded after satisfactory completion of restoration work of laying pipe crossing.

(5) The licensee shall have to pay Rs. 25,000/-(Rupees twenty five thousand only) per crossing as a secutity deposit in the form of Fifed deposit receipt of any National Bank for the due performance of this agreement.

(6) The licensee shall have to pay annual rent of Rs.51/-(Rupees fifty one only) per Rmt. And also Maintenance & Repairs charges of Rs.51/-(Rupees fifty one only) per Rmt. of pipe line falling within the land width of canal/nalas/rivers or as decided by Government from time to time as per Government rules annually in the 1st week of April every year for the use of Government land.

(7) The work of laying pipe line shall be carried out in such a way that it shall not obstruct flow of river/canal/nala and continuous flow is maintained in downstream of river/canal/nala.

(8) The licensee shall not commence the crossing work, any alteration or any repairs to the pipe line without prior permission in writing of the concerned Executive Engineer in charge.

(9) The licensee shall have no right or interest whatever in or over the said rivers/canals/nalas width except it can enter upon the same for the purpose of carrying out necessary operation on pipeline during continuation of agreement.

(10) The licensee shall be solely liable for any loss or injury which any person/crops may sustain by reason of any defect, leakage or want of repairs of any of the said pipeline or as a result of any carelessness or negligence or misconduct of its employee in laying repairing or removing the said pipeline.

(11) Narmada Water Resources & Water Supply Department does not take any responsibility of preservation of the company's property from injury due to floods in rivers/nalas/canals or any natural calamities.

(12) The licensee has to lay pipeline as per the approved plan and the plan and estimates will have to be approved by C.D.O.

(13) The licensee will have to provide detailed planning of works and will have to furnish the same to the department as early as possible as per plan.

(14) The department will be authorized to ensure the quality of work and materials used for the same.

(15) Both service road and inspection path would be required to be widen in a distance of about 30 m. either side of the crossing. Also, to protect the pipeline, suitable casing will be also requested to be provided. The work shall have to be carried out by the agency, cushion of atleast 60 cm be provided below the service road and inspection path. The quantum of existing spoil bank kept at present be retained. On widening of the road, additional soil be added in spoil bank on the canal boundary side. The Executive Engineer to ensure the above and after suitably working the above requirements on drawings, the sketch can be approved for construction purposes.

(16) In the event of any necessity or any other alteration in alignment of canal or due to other reasons which necessitate removal and relaying of the said pipeline and such other ancillary works of shifting of the said cable line, the cost of such removal relaying or shifting of said pipeline shall be borne by the licensee.

(17) In case of major river crossings, Superintending Engineer, Central Design Organization may be consulted.